૬૨૫

રાજ્ય સરકારના અનામતના હેતુ માટે ઉન્નત વર્ગમાંથી બાકાત (Non Creamy layer) હોવા અંગેના પ્રમાણપત્રની મુદ્દત ત્રણ વર્ષ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૪/૨૦૧૬

વંચાણમાં લીધા :-

(૧) ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ના ઠરાવ ક્રમાંક: બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ

(૨) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન (ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનીંગ)ના તા.૮/૯/૧૯૯૩ના OM નં.૧૩૬૦૧૨/૨૨/૯૩-Estt. (SCT)

(૩) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૨૩/૨/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૪૩૯૪/૧૯૧/અ

(૪) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૯૪/ ખા.૧૦૯/અ

(૫) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૬/૨/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૪/૯૫૯/અ

(૬) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન (ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનીંગ) ના તા.૧૪/૧૦/૨૦૦૪ના પત્ર ક્રમાંક: ૩૬૦૩૩/૫/૨૦૦૪ Estt.(Res)

(૭) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૯/૧૨/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૮) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૯) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ

(૧૦) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨/૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૧૧) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૧૨) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ

(૧૩) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯/૨/૨૦૧૬ના ઠરાવક્રમાંક: પરચ/૧૦૨૦૧૫/૬૩૮૭૭૮/અ

<u>પ્રસ્તાવના</u>

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ સરકારશ્રીની અનામત નીતિનો લાભ લેવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો ઉપરાંત બિનઉન્નત વર્ગ નું (Non Creamy layer) પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે. આ પ્રમાણપત્ર સામાન્ય રીતે એક વર્ષ સુધી ગ્રાહ્ય રાખવાપાત્ર હોય છે, કારણ કે જે તે વર્ષના અગાઉના ત્રણ વર્ષની આવક ધ્યાને લેવાની રહે છે. જાતિ પ્રમાણપત્ર કાયમી દસ્તાવેજ છે, તે એકવાર મેળવ્યા પછી વારંવાર મેળવવાનું રહેતું નથી પરંતુ બિનઉન્નત વર્ગનું પ્રમાણપત્ર સામાન્ય રીતે જે તે વર્ષ માટે જ હોઇ ઉમેદવારોએ ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતી વખતે કે વિવિધ ભરતીઓમાં નિમણૂંકના તબક્કે જે તે વર્ષ માટે નવું મેળવવાનું રહેતુ હોય છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામો બાદ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતો હોવાથી બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્ર મેળવવા માટે એકી સાથે ધસારો થાય છે. તેવી જ રીતે વિવિધ ભરતીઓની જાહેરાત સમયે પણ ઉમેદવારો દ્વારા બિનઉન્નત વર્ગનું (Non Creamy layer)) પ્રમાણપત્ર મેળવવા માટે ભારે ધસારો થતો હોય છે. અગાઉ બિનઉન્નત વર્ગનું (Non Creamy layer) પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત મહેસૂલી અધિકારીઓ પૈકી ફક્ત મામલતદાર જ પ્રમાણપત્રો આપતા હતા. જો કે વંચાણે લીધેલ (૧૨) પરના ઠરાવથી તાલુકા વિકાસ અધિકારીને પણ સક્ષમ સત્તાધિકારી તરીકે અધિકૃત કરેલા અને બિન ઉન્નતવર્ગના (Non Creamy layer) પ્રમાણપત્રો માટેના આવકના ભાગ (Portion) પ્રમાણપત્રની મુદ્દત ત્રણ વર્ષ નક્કી કરવામાં આવેલ. જેથી, વિદ્યાર્થીઓ /ઉમેદવારોને મહદ્ અંશે રાહત થયેલ છે.

રાજ્ય સરકાર હેઠળની ભરતી પ્રસંગે અને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામો પછી ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ સમયે બિનઉન્નત વર્ગના પ્રમાણપત્રો માટે એક સાથે થતા ધસારાથી ઉમેદવારો, વાલીઓ અને તંત્રને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા બિનઉન્નત વર્ગના પ્રમાણપત્રોની આગોતરી ખરાઇ માટે ગુજરાત રાજ્ય સરકાર પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવે છે.

## :: ઠરાવ::

૧. બિનઉન્નત વર્ગના (Non Creamy layer) પ્રમાણપત્રની અવધિ (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યું હોય તે સહિત ત્રણ નાણાકીય વર્ષ સુધીની રહેશે. આ નીતિનો અમલ તા.૧/૪/૨૦૧૬ થી કરવાનો રહેશે.

૨. હાલ બિનઉન્નત વર્ગ (Non Creamy layer ) પ્રમાણપત્ર આપવા માટેના ૬ માપદંડો નીચે મુજબ છે. (i) સંવૈધાનિક હોદ્દાઓ (ii) સેવા કક્ષા (iii) લશ્કરી હોદ્દાઓ (iv) વેપાર, ઉદ્યોગ અને વ્યવસાયિક વર્ગો (v) માલ મિલ્કતો ધારણ કરનાર (vi) આવક અને સંપત્તિ. પ્રમાણપત્રની અવધિ ત્રણ વર્ષ સુધી રહેશે પરંતુ ઉપરોકત વંચાણે લીધેલા વિવિધ ઠરાવો/અધિસુચનાઓ ધ્વારા નિર્ધારિત કરાયેલા આ માપદંડો પૈકી કોઇપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/ વાલીએ સ્વયં કરવાની રહેશે. જેથી જરૂરિયાત મુજબ નવેસરથી બિનઉન્નત વર્ગ અંગેનું પ્રમાણપત્ર મેળવી શકાય. ઉમેદવાર/વાલી આવી જાહેરાત નહીં કરીને કોઇપણ વિગતો છુપાવશે તો તેઓ કાયદેસર કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. બિનઉન્નત વર્ગ પ્રમાણપત્ર માટેના કોઇપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/વાલીની વ્યકિતગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

3. વંચાણ (૧૩) પરના તા.૨૯/૨/૨૦૧૬ના ઠરાવ અનુસાર ગ્રામ્ય કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીઓ બિનઉન્નત વર્ગના પ્રમાણપત્ર આપે છે તાલુકા મથકે મામલતદારો બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્રો આપે છે તે પદ્ધતિ અથવા તો સદર ઠરાવની જોગવાઇ અનુસાર જિલ્લા કક્ષાની સમિતિએ તાલુકા મથકે અને ગ્રામ્ય વિસ્તાર માટે મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારી વચ્ચે કામગીરીની જે પ્રમાણસર વહેંચણી કરેલ હોય તે પદ્ધતિ યથાવત્ત રહે છે. તદ્દ ઉપરાંત તેમાં ઉમેરો કરીને જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) ને પણ બિન ઉન્નતવર્ગનું પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત કરવામાં આવે છે.

૪. જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) એ ઉકત બિનઉન્નત વર્ગ (Non Creamy layer)ના પ્રમાણપત્ર આપતાં પહેલાં સંબંધિત વિદ્યાર્થી/ ઉમેદવારના સંબંધમાં આવકના ભાગ (Portion) અંગેની વિગતો અને પ્રમાણપત્ર હાલના સક્ષમ અધિકારી એટલે કે મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી તરફથી મળેલ છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૫. મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વસ્તીનુ પ્રમાણ વધુ હોય છે અને મોટી સંખ્યામાં બિન ઉન્નતવર્ગોના પ્રમાણપત્ર અપાતા હોય છે. વિદ્યાર્થીઓ /વાલીઓનો ધસારો પણ વધુ રહે છે. આ અંગે હાલ કલેકટર/મહેસૂલ તંત્ર ધ્વારા વ્યવસ્થા

અમલમાં છે જ. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હાલમાં બિનઉન્નત વર્ગોનુ પ્રમાણપત્ર આપવાની જે વ્યવસ્થા છે તે ચાલુ રહેશે.

૬. મ્યુનિસિપલ કોર્પોરેશન સિવાયના શહેરી વિસ્તારો માટે મામલતદાર અને જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) જિલ્લા મથકના વિદ્યાર્થીઓ/ ઉમેદવારો માટે વોર્ડ વાઇઝ /વિસ્તાર વાઇઝ પ્રમાણપત્ર આપવાની કામગીરીની સપ્રમાણ વહેંચણી વંચાણે લીધેલ (૯) હેઠળના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવથી કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બનેલ સમિતિ નિર્ણય કરશે. આવી અરજીઓ નાગરિક સુવિધા કેન્દ્રો દ્વારા જ સ્વીકારવાની રહેશે અને તૈયાર થયેલ આવા પ્રમાણપત્રોની વહેંચણી પણ સુવિધા કેન્દ્રો દ્વારા જ કરવાની રહેશે.

૭. આ અંગેના રેકર્ડને કાયમી રેકર્ડ ગણીને તેની સાચવણીની જવાબદારી પ્રમાણપત્રો આપનાર જે તે સક્ષમ સત્તાધિકારીની જ રહેશે.

૮. સક્ષમ સત્તાધિકારી તરીકે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી કે જિલ્લા નાયબ નિયામક (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) કોઇપણ બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્ર આપવા ઇન્કાર કરે અથવા કોઇપણ સક્ષમ સત્તાધિકારી દ્વારા બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્ર ખોટું અપાયું હોવાનું જણાય તેવા સંજોગોમાં અપીલની પદ્ધતિ વંચાણ (૧૦) ઉપરના તા.૨/૬/૨૦૧૪ના ઠરાવ અનુસારની રહેશે.

૯. બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્રની અવધિ ૩ (ત્રણ) વર્ષ સુધી કરવા પાછળ સરકારનો મૂળ હેતુ ઉમેદવારો/અરજદારો/ વાલી/વિદ્યાર્થીઓની હાલાકી ઘટાડવાનો છે. સાથે સાથે અત્રે ઉલ્લેખનીય છે કે નામ.સર્વોચ્ચ અદાલતે સ્પેશીયલ સીવીલ અપીલ નં.૫૮૫૪/૧૯૯૪ કુ.માધુરી પાટીલ વિ.મહારાષ્ટ્ર સરકારના ચુકાદામાં નિર્દેશ કર્યા અનુસાર શૈક્ષણિક પ્રવેશ અને નિમણૂંકના તબક્કે જ દરેક ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર સાથે બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્રની પણ ચકાસણી કરાવવી ફરજીયાત બનાવેલ છે. વંચાણ (૭)ના તા.૧૯/૧૨/૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમો માટેની કેન્દ્રીય પ્રવેશ કમિટીએ તથા રાજ્ય સરકાર હેઠળની તમામ ભરતીઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના દાવેદાર ઉમેદવારો / વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રો ઉપરાંત બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્રોની ચકાસણી રાજ્ય વિશ્લેષણ સમિતિ/નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અથવા અલગથી નક્કી કરવામાં આવે તે સક્ષમ સત્તાધિકારી પાસે કરાવી લેવાની પદ્ધતિ ચાલુ રહેશે.

૧૦. આવા પ્રમાણપત્રોની ખરાઇ કરાવી લેવાની જવાબદારી સબંધિત શૈક્ષણિક પ્રવેશ /ભરતી સમિતિ/આયોગ /ભરતી કરનાર એજન્સીની અથવા નિમણૂક આપનાર સક્ષમ અધિકારીની રહેશે. આવી ચકાસણી થયા બાદ જ સબંધિત ઉમેદવારોને નિમણૂક આપવાની રહેશે. જેમાં ચૂક થયેથી

ઉપસ્થિત થતા કાયદાકીય વિવાદોની જવાબદારી સબંધિત ભરતી સમિતિ/આયોગની/ ભરતી સંસ્થા તેમજ નિમણુંક આપનાર સત્તાધિકારીની રહેશે.

૧૧. બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્ર આપવા માટેની સત્તા વહેંચણીનો મૂળ હેતુ પ્રજાની હાડમારી ઘટાડવા માટે છે. આ રીતે નિર્ધારિત થયેલ કામગીરીનું વિભાજન સામાન્ય સંજોગોમાં અનુસરવાનું રહેશે. એક સક્ષમ સત્તાધિકારી ગેરહાજર હોય કે વાલી/વિદ્યાર્થી/ ઉમેદવારને તાત્કાલિક પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું થતું હોય તેવા ખાસ પ્રકારના તાકીદના સંજોગોમાં સક્ષમ સત્તાધિકારીઓએ પરસ્પરની અવેજીમાં પ્રમાણપત્રો આપવાના રહેશે.

૧૨. બિનઉન્નત વર્ગ (Non Creamy layer) પ્રમાણપત્રો આપવા માટેની કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારશ્રીએ સ્વીકારેલી અને અલગથી નક્કી કરેલી વખતોવખતની અન્ય સ્થાયી સુચનાઓ યથાવત્ત રહેશે.

૧૩. આ ઠરાવ તથા નીતિ ભારત સરકાર હેઠળના અનામતના હેતુ માટે અન્ય પછાત વર્ગો (OBC) પ્રમાણપત્રોને લાગુ પડશે નહીં.

૧૪. આ ઠરાવના અમલમાં મુશ્કેલી થાય તો તેના નિવારણ માટે વંચાણ (૯) ઉપરના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવથી જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં નિમાયેલી સમિતિએ યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૧૫. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૧/૪/૨૦૧૬ ની નોંધથી મળેલી અનુમતિના આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવ શ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવ શ્રી, પંચાયત વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ (વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.*
- શાખા સિલેક્ટ ફાઇલ

--------

* પત્ર દ્વારા.